PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/કવા–૦૪/૧૬–૧૭/ ૧૬૦૭ તા. ૨૩/૦૨/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રમેશભાઈ રણછોડભાઈ ઠુંમર,
ગામ: નાના માંડવા,
તા. કોટડા સાંગાણી
જી: રાજકોટ
મો: ૯૯૭૮૨ ૯૦૪૯૪

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૫/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૪..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:- 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૪૫/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) : – રીવ્યુ અરજી

અરજદાર (ફરીયાદી) : નામ: રમેશભાઈ રણછોડભાઈ ઠુંમર, ગામ: નાના માંડવા

રજુઆત કરનાર : અરજદાર શ્રી રમેશભાઈ રણછોડભાઈ ઠુંમર હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :એસ.જે.સોની, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ : ( રીવ્યુ)

ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, અગાઉ તેઓની અરજી ના અનુસંધાને, ફોરમ કમિટી તરફથી હુકમ નં.: પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૮૭/કવા–૦૨/ ૧૬–૧૭/૮૭૩૬ તા.૨૬–૦૯–૧૬ ને આનુષાંગીક રહીને, નીચે વર્ણવ્યા મુજબ ની વિગતે ની, મુદદાસર ફેર રજુઆત, જે ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની અગાઉ ની મુળ ફરીયાદ અરજી, જે – (૧) તેઓ શ્રી ના ગામ:નાના માંડવા ખાતે ના સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા, સામાન્ય યોજના હેઠળ ના, ૦૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ને – આ સર્વે નંબર મા એક જોડાણ ચાલુ હોય, તે જ સર્વે નંબર મા આવેલ અન્ય બોર પર – જે સરકાર શ્રી ના તાજેતર ના નિયમ હેઠળ મંજુર કરી અને ચાલુ કરવાની અરજી – જે સદર બાબત સરકાર શ્રી ના પરીપત્ર મા દર્શાવેલ શરતો મુજબ – સરકાર શ્રી ના સદર પરીપત્ર મા કરાયેલ જોગવાઈ મુજબ," પરીપત્ર તા.૧૮–૧૦–૧૬ પછી નોંધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓને આ જોગવાઈ નો લાભ આપી શકાય– જ્યારે અગાઉ નોંધાયેલ અરજીઓ ને લાભ આપી શકાય નહી. "સદર સર્વેનંબર મા, બીજું જોડાણ મળી શકે નહી, તે બાબત ને અરજદારે માન્ય રાખેલ છે. |
| ૧.૨ | ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતોના નિયમાધીન કારણોસર, તેઓ શ્રી ને મુળ અરજી મુજબ નુ નવુ જોડાણ, જે એક જ સર્વે નંબર, એટલેકે સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા મળી શકે તેમ ન હોવાથી, હવે અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ – સરકાર શ્રી ના હાલ મા પ્રવર્તમાન એવા અન્ય પરીપત્ર મા દર્શાવ્યા મુજબ ની જોગવાઈઓ અને શરતો મુજબ –. તેઓ શ્રી ના સદર સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા આવેલ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ નુ સ્થળ ( મીટર નુ સ્થળ ) ત્યાજ રાખી, અને હૈયાત એવા આ ખેતીવાડી વીજજોડાણ મા, વધારાના હોપા નો વીજભાર વધારો મેળવી – અને તે મુજબ આંતરીક વાયરીંગ ની રચના કરી, અને – આ જ જોડાણ ની, વીજભાર વધારા સબબ ની, વધારાના વીજભાર ની બીજી મોટર, આ જ સર્વે નંબર મા આવેલ અન્ય બોર પર લગાડવા માટે ઈચ્છુક હોય, જેથી, સદર બાબતે પીજીવીસીએલ ને યોગ્ય આદેશ આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૩ | તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ, ફોરમ સમક્ષ – ખાસ જણાવેલ છે કે, તેઓ શ્રી નુ ઉપરોક્ત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે નુ, ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯, જે ખરેખર અગાઉ – " હોપા ટેરીફ મુજબ નુ " જ – ૧૦ હોપા નુ હતુ. તેઓ શ્રી એ આ જોડાણ ના ૧૦ હોપા ના વીજભાર મા કોઈ વીજઘટાડો મેળવવા માટે ની વિધીસર ની અરજી, જે પીજીવીસીએલ મા આપેલ ન હોવા છતા, પીજીવીસીએલ તરફથી , તેઓ શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ ને, " ૧૦ હોપાના કોન્ટ્રાકટ લોડ ને બદલે, ૦૫ હોપા ના કોન્ટ્રાકટ લોડ વાળુ તેમજ હોપા ટેરીફ ને બદલે મીટર ટેરીફ મુજબ નુ – જે છેલ્લા ૦૨ વર્ષ થી – પીજીવીસીએલ કક્ષાએથી – સ્વમેળે પરીવર્તીત" કરેલ છે. આ બાબત, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને કરાયેલ અન્યાય બાબત ની હોય, ફોરમ સમક્ષ સદર બાબતે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય કરવાની અરજદારે ફોરમ કમિટી સમક્ષ રજુઆત કરેલ છે. |

| | |
|---|---|
| ૧.૪ | વિશેષ મા, ફરીયાદી અરજદાર શ્રી જણાવે છે કે, તેઓ શ્રી ની, ૨૬–૦૯–૨૦૦૯ ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળુ સ્થળ એટલેકે, ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ – કે જેનુ ક્ષેત્રફળ ૧૦ એકર– ૨૫ વીઘા છે. આ ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ને, એટલેકે આ સર્વે નંબર મા બે ભાગ કરવા – તેઓ શ્રી ના નામ પર જ વિભાજીત કરવાની કાર્યવાહી હાથ ધરવા માંગે છે. આ કાર્યવાહી મા, રેવન્યુ કચેરીઓ સમક્ષ લાંબા ગાળા ની પ્રક્રીયાઓ કરવાની રહેતી હોય છે. આવા કારણોસર જ, તેઓ શ્રી ની ફોરમ સમક્ષ ની અગાઉ ની રજુઆત ને માન્ય રાખીને, ફોરમ કમિટી તરફથી, તેઓ શ્રી ના કેઈસ મા, જે હુકમ નં.: પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૭/ કવા–૦૨/૧૬–૧૭/૮૭૩૬ તા.૨૬–૦૯–૧૬ થયેલ છે – ફોરમ કમિટી ના આ હુકમ મા – તેઓ શ્રી ની ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, તા. ૨૬–૦૯–૨૦૦૯ ની અરજીને, જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે – તે અરજી ને ૦૧ વર્ષ સુધીનો મુદત વધારો, ફોરમ ના હુકમ મા થયેલ છે. જેથી, તેઓ શ્રી ને, આ મુજબ સદર તા. ૨૬–૦૯–૨૦૦૯ ની અરજીને, ૦૧ વર્ષ સુધી મુદત વધારો ચાલુ રાખવાની ફરી એક વખત અરજદારે, ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી રીવ્યુ અરજી મા કરાયેલ, મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની નિયમાધીન બાબતો માન્ય રાખી, અને હવે અરજદાર શ્રી, મુદ્દા નં.૧.૨ મુજબ ની વિગતે, તેઓ શ્રી ના સદર સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા આવેલ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ નુ સ્થળ ( મીટર નુ સ્થળ ) ત્યાજ રાખી, અને હૈયાત એવા આ ખેતીવાડી વીજજોડાણ મા, વધારાના હોપા નો વીજભાર વધારો મેળવી – અને તે મુજબ આંતરીક વાયરીગ ની રચના કરી, અને – આ જ જોડાણ ની, વીજભાર વધારા સબબ ની, વધારાના વીજભાર ની બીજી મોટર, આ જ સર્વે નંબર મા આવેલ અન્ય બોર પર લગાડી, એ મુજબ હૈયાત જોડાણ મા વીજભાર વધારો મંજુર કરવા ઈચ્છે છે. આ બાબત પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ સરકાર શ્રી ના આદેશાત્મક પરીપત્ર અન્વયે, જીયુવીએનએલ ના માર્ગદર્શકપરીપત્ર મા કરાયેલ જોગવાઈ ને અનુરૂપ જ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, પીજીવીસીએલ તરફથી ગ્રાહય રાખવા પાત્ર છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી એ આ મુજબ ની, હૈયાત જોડાણ મા વીજભાર વધારો માંગતી અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે, હૈયાત જોડાણ નુ સ્થળ અને વીજભાર વધારા ના સ્થળ ના નકશા, તેમજ વાયરીગ ના નકશા સાથે, તેમજ નિયમાધીન બાંહેધરી પત્ર સાથે ની વિધીસર ની અરજી, જે પીજીવીસીએલ મા રજુ કરી, નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરીને, જો અરજદાર આ મુજબ ની અરજી નોંધાવશે તો, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ની સદર અરજી નિયમાધીન માન્ય રાખી અને તેમને માંગણી મુજબ, હૈયાત જોડાણ ના સ્થળ વાળા સર્વે નંબર મા જ આવેલ અન્ય બોર પર વધારાના હોપા ની – વીજભાર વધારા મુજબ ની સીચાઈ ની મોટર ચાલુ કરવાની મંજુરી પીજીવીસીએલ તરફથી આપવામા આવશે. ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની નોંધાયેલ અરજી ની જાણકારી, જે પીજીવીસીએલ તરફથી ફોરમ ને, લેખીત પત્ર મારફત આપવામા આવશે. |
| ૨.૨ | ફરીયાદી અરજદાર શ્રી ની, મુદ્દા નં. ૧.૩ મુજબ ની વિગતે કરાયેલ રજુઆત ના અનુસંધાને – એટલેકે, તેઓ શ્રી ની માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯, જે ખરેખર અગાઉ – '' હોપા ટેરીફ મુજબ નુ '' જ – ૧૦ હોપા નુ હોવા છતા, હાલ છેલ્લા ૦૨ વર્ષ થી, તેઓ શ્રી ની કોઈપણ આગવી રજુઆતો / અરજીઓ / કારણોવગર જ, પીજીવીસીએલ તરફથી , તેઓ શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ ને, '' ૧૦ હોપાના કોન્ટ્રાકટ લોડ ને બદલે, ૦૫ હોપા ના કોન્ટ્રાકટ લોડ વાળુ તેમજ હોપા ટેરીફ ને બદલે મીટર ટેરીફ મુજબ નુ કરાયેલ હોવાની બાબત ને નોંધીને – સદર જોડાણ ની કેઈસ ફાઈલ, તેમજ બીલીગ એકાઉન્ટ, તેમજ અન્ય બાબતો ને આવરી લઈ ને, પીજીવીસીએલ તરફથી રેકર્ડ આધારીત તમામ બાબતો ની ચકાસણી હાથ ધરવામા આવશે. આ ચકાસણી દરમ્યાન, સદર બાબત ને કોઈ રેકર્ડ આધારીત સમર્થન જો નહી મળે તો, અરજદાર શ્રી ની સદર રજુઆત માન્ય રાખીને, તેમના સદર જોડાણ મા, હાલ ના તબ્બકાની થયેલ વીજભાર ઘટાડા ની તેમજ મીટર ટેરીફ મા તબ્દીલ કરવાની કાર્યવાહી, જે ભુલ સુધારણા ના ભાગરૂપ ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને પીજીવીસીએલ તરફથી રદબાતલ કરવામા આવશે. અને અરજદાર ના આ ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ ને, મુળ કોન્ટ્રાકટ લોડ વાળા અને મુળ હોપા ટેરીફ વાળા જોડાણ નો જ, અગાઉ મુજબ નો જ દરજ્જો – જે કેઈસ ફાઈલ તેમજ બીલીગ રેકર્ડ મા પ્રસ્થાપિત કરવામા આવશે. આ બાબતે ની – રેકર્ડ આધારીત વેરીફીકેશન અન્વયે ની કાર્યવાહી સંપન્ન કરી, અને તે મુજબ, અરજદાર શ્રી ને, ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ તરફથી લેખીત પત્ર પાઠવવામા આવશે. |

| | |
|---|---|
| ૨.૩ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૪ મુજબ ની વિગતે ની માંગણીના અનુસંધાને જ, ફોરમ કમિટી તરફથી, અગાઉ ના હુકમ નં.: પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૭/કવા–૦૨/૧૬–૧૭/૮૭૩૬ તા.૨૬–૦૯–૧૬ મા કરાયેલ આદેશ મુજબ જ, અરજદાર શ્રી ની, તેઓ શ્રી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, તા. ૨૬–૦૯–૨૦૦૯ ની અરજી – જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે – તે અરજી ને ૦૧ વર્ષ સુધીનો મુદત વધારો – જે ફોરમ ના હુકમ મા થયેલ છે. તે ફોરમ ના આદેશ ને પીજીવીસીએલ કક્ષાએથી માન્ય રાખી, અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની નવા ખેતીવાડી વીજજોડાણ ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સદર તા. ૨૬–૦૯–૨૦૦૯ ની અરજીને, ૦૧ વર્ષ સુધી મુદત વધારો, પીજીવીસીએલ કક્ષાએથી મંજુર કરી અને તે મુજબ ની જાણકારી અરજદાર શ્રી તેમજ ફોરમ ને લેખીત પત્ર મારફત આપવામા આવશે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની, અત્રેના ફોરમ દ્વારા કરાયેલ અગાઉ ના હુકમ ન.: પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૭/કવા–૦૨/૧૬–૧૭/૮૭૩૬ તા.૨૬–૦૯–૧૬ ના અનુસંધાને, રીવ્યુ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને, તેમના સદર ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા આવેલ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ મા, આ જ સર્વે નંબર ના અન્ય બોર પર વીજભાર વધારા ની, અરજદાર શ્રી ની વિધીસર ની અરજી, જે અરજદાર શ્રી પાસેથી મેળવી, નોંધણી કરી, અને તે મુજબ ની અત્રેના ફોરમ ને લેખીત જાણકારી આપવાનો ,પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૨ | સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને, તેમના સદર ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા આવેલ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં. ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ ના, અગાઉ ના કોન્ટ્રાકટ લોડ અને અગાઉ ની બીલીંગ કેટેગરી બાબતે ની યર્થાથતા વગેરે, જે સબંધક કચેરી મા ઉપલબ્ધ રહેલ કેઈસ ફાઈલ તેમજ બીલીંગ રેકર્ડ ની ચકાસણી કરી અને, આ બાબતે ની – રેકર્ડ આધારીત વેરીફીકેશન અન્વયે ની કાર્યવાહી, જે વિભાગીય કચેરી કક્ષાએથી જ સંપન્ન કરી, અને તે મુજબ ની સદર જોડાણ ની યર્થાથતા નકકી કરી, અને તે પ્રમાણે નો અરજદાર શ્રી ને, ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ તરફથી લેખીત પત્ર પાઠવવામા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૩ | સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ, મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને, તેમના સદર ખેતીવાડી સર્વે નંબર : ૨૬/૧ પૈકી ૨ ( ૧૦ એકર– ૨૫ વીઘા) મા, જે સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, તા. ૨૬–૦૯–૨૦૦૯ ની અરજી – જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે – તે અરજી ને ૦૧ વર્ષ સુધીનો મુદત વધારો – જે ફોરમ ના હુકમ મા થયેલ છે. તે ફોરમ ના આદેશ ની અમલવારી ના ભાગરૂપ, પીજીવીસીએલ કક્ષાએથી સદર બાબત આદેશાત્મક તેમજ નિયમાધીન રીતે માન્ય રાખવાની રહેશે. અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની નવા ખેતીવાડી વીજજોડાણ ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સદર તા. ૨૬–૦૯–૨૦૦૯ ની અરજીને, ૦૧ વર્ષ સુધી મુદત વધારો, પીજીવીસીએલ કક્ષાએથી મંજુર કરી અને તે મુજબ ની જાણકારી અરજદાર શ્રી તેમજ ફોરમ ને લેખીત પત્ર મારફત આપવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.-૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧, ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવાનો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ત્મીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી_સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..